# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-5

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમયઃ 3:00 કલાક | વિષય : ગુજરાતી (GUJ) | કુલ ગુણ - 80

સૂચનાઓઃ (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો A, B, C, અને D છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
(2) દરેક વિભાગના 20 ગુણ છે.વિકલ્પો આંતરિક છે.

## વિભાગ-A

(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [04]

| ગદ્ય કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| (1) રેસનો ઘોડો | (અ) પ્રવાસ |
| (2) હિમાલયમાં એક સાહસ | (બ) નવલિકા |
| (3) ગતિભંગ | (ક) એકાંકી |
| (4) છત્રી | (ડ) લઘુકથા |
| | (ઈ) હાસ્ય નિબંધ |

(બ) નીચે આપેલાં પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો. [02]

1. વિનુકાકા સૌરભ અને અંકિત પાસે શી-શી પ્રવૃત્તિઓ કરાવતા ?
2. આંબા પટેલને મણાર શા માટે જવું પડયું?

(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. [06]

1. નરેને મનીષાને આવકારતાં શું કહ્યું ?
2. ડાંગના આદિવાસીઓની મરણને ઉજવવાની રીત વિશે જણાવો.
3. જીવલો દાનતનો શુદ્ધ હતો એમ તમે શા પરથી કહી શકો ? અથવા

પત્નીને બેસી પડેલી જોઈને ડુંગરને શેની ચિંતા હતી ?

(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો. [08]

1. 'ભૂખથીય ભૂંડી ભીખ' વાર્તાને આધારે કાળુનું પાત્રાલેખન કરો.
2. ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો આધ્યાત્મિક સંબંધ સમજાવો. અથવા

લેખકે વર્ણવેલું હિમાલયનું સૌંદર્ય તમારા શબ્દોમાં લખો.

## વિભાગ-B

(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [04]

| પદ્ય કૃતિ | સાહિત્ય પ્રકાર |
|---|---|
| (1) વૈષ્ણવજન | (અ) સોનેટ |
| (2) ચાંદલિયો | (બ) ગઝલ |
| (3) વતનથી વિદાય થતાં | (ક) પદ |
| (4) દીકરી | (ડ) ઉર્મિ કાવ્ય |
| | (ઈ) લોકગીત |

(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો. [02]

1. શીલવંત એટલે શું ?
2. ચાંદલિયો લોકગીતમાં ચાંપલિયાની પાંદડી કોને કહી છે ?

(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. **[06]**

1. 'બોલીએ ના કાંઈ' કાવ્યને આધારે કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?
2. પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?
3. વાંસળીનો સૂર કોને - કોને શું પ્રશ્ન પૂછે છે ? શા માટે ? **અથવા**

   'વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે

   પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે'

   કાવ્યની આ પંક્તિઓનો માત્ર ભાવાર્થ સ્પષ્ટ કરો.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો. **[08]**

1. શીલવંત સાધુ તમે કોને કહેશો તે કાવ્યને આધારે જણાવો.
2. માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો. **અથવા**

   કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

## વિભાગ - C

**નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તરો લખો. (દરેકનો એક ગુણ)**

**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

**1** નીચેના બે શબ્દોની સાચી જોડણી લખો. **[01]**

નિરભિમાની, નિયમીત

(નીરભિમાની, નિરાભીમાની, નિરભિમાની), (નિયમીત, નિયમતી, નિયમિત)

**2** 'હિમ+આલય' શબ્દોની સાચી સંધિ જોડો. **[01]**

(હિમાલય, હમાલય, હિમાલયા)

**3** 'હિંસક' શબ્દનો સમાસ ઓળખાવો. **[01]**

(કર્મધરાય સમાસ, ઉપપદ સમાસ, બહુવ્રીહિ સમાસ)

**4** યોગ્ય જોડકું જોડો. **[01]**

| (અ) | (બ) |
|---|---|
| (1) કર્તરિ વાકય રચના | (અ) ગાંધીજીથી માંદગીને અપરાધ ગણવામાં આવતો |
| (2) કર્મણિ વાકય રચના | (બ) લોકોથી એક કુતર્ક ચલાવાય છે. |
| | (ક) મારાથી એકલુ પડી જવાયું છે |

**5** શી તમારી બહાદુરી ! ઉંદર જોઈ નાઠા, અલંકારનો પ્રકાર જણાવો. **[01]**

(વ્યાજસ્તુતિ અલંકાર, યમક અલંકાર, ઉપમા અલંકાર)

**6** 'અસત્ય' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**

(પર પ્રત્યય, પૂર્વ પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

**7** નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. **[01]**

(1) દરિયોઃ- (સરિતા, નદી, મહેરામણ) (2) દુનિયાઃ- (જગત, ગામ, શહેર)

**8** 'ગોવિંદ' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. **[01]**

(જાતિવાચક, વ્યકિતવાચક, સમૂહવાચક)

**નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

**9** નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપો. **[01]**

તૂરિયાનો તાર જાગી જવો.

**10** નીચે આપેલી કહેવતનો અર્થ લખો. **[01]**

11 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. *રાત દિવસના ચોવીસ કલાક* [01]

12 નીચેના શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ લખો. *વિષાદ* [01]

13 બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ લખો. *કર, કળ* [01]

14 નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. *મજલ* [01]

15 નીચેના વાકયમાંથી વિશેષણ શોધી તેના પ્રકાર જણાવો. *તેણે શું કામ કર્યું છે?* [01]

16 નીચેનામાંથી ક્રિયા વિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો. [01]

*શીલવંત સાધુને વારેવારે નમીએ.*

17 'દિકરી' શબ્દના ધ્વનિ ઘટકો(સ્વર-વ્યંજન) છૂટા પાડો. [01]

18 નીચેના વાકયની ભાવે વાકય રચના બનાવો. *હું માત્ર જોયા કરતો.* [01]

19 નીચેની પંકિતનો છંદ ઓળખાવો. [01]

*ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળો*

20 'મંદાક્રાન્તા' છંદનું બંધારણ જણાવો. [01]

## વિભાગ - D

(અ) નીચેની પંકિતઓનો આશરે પંદર વાકયોમાં અર્થવિસ્તાર કરો. [04]

*નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,*
*ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.* અથવા
*ઋણ, અગ્નિ તથા વ્યાધિ લેશમાત્ર રહી જતાં,*
*વધે ફરીફરી, તેથી કદી ન બાકી રાખવા*

(બ) તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવના અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો. [04]

(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]

*કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ થાય છે, એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે, તે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર હોય છે, પરંતુ એના જેવા જ બીજા કુદરતમાં ઊડતાં, ગાતા પક્ષીઓ જેવું એ સુખ નથી હોતું, જે વ્યકિત ઊગતા કે આથમતા સૂર્યનું સૌંદર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાનનું સંગીત ઊંચા-ઊંચા પર્વતોની ભવ્યતા. વહેતાં ઝરણાનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ. તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યકિત ધનવાન હોય કે નિર્ધન, કુદરતના સૌંદર્ય અને ભવ્યતાને જોઈને આનંદથી વિભોર થઈ જાય છે-થઈ જવી જોઈએ.* --મોહમ્મદ માંકડ

(ડ) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [08]

**વાયા વસંતના વાયરા**

**મુદ્દાઓ:-** *પ્રસ્તાવના- ભારતનો ઋતુ ક્રમ - વસંતનું માદક વાતાવરણ - વસંત અને માનવજીવન - ઋતુઓનો રાજા - ઉપસંહાર* **અથવા**

**જીવનમાં રમત-ગમતનું સ્થાનઃ-**

**મુદ્દાઓ :-** *પ્રસ્તાવના - સહજ તેમજ સ્વાભાવિક રમતથી સ્વાસ્થ્યની જાળવણી - રમત-ગમતની મન પર અસર- રમત-ગમત વડે સ્થપાતાં આંતરરાષ્ટ્રીય સૌહાદ અને વિશ્વશાંતિ - ઉપસંહાર.* **અથવા**

**પરિશ્રમ એ જ પારમણિઃ-**

**મુદ્દાઓ:-** *પ્રસ્તાવના- પરિશ્રમનું મહાત્મ્ય - શાળાઓમાં શ્રમનું ગૌરવ - શિક્ષિત સમાજની વૃત્તિ- વિદેશોમાં શ્રમનું ગૌરવ - મહાપુરુષોનો શ્રમ યજ્ઞ - ઉપસંહાર.*